મહત્તમ : ૨૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૮૮ ટકા
ગાંધીનગર તાપમાન

દેવદિવાળી : શહેરમાં ઉજવાશે દેવદર્શન પર્વ

ભગવાન વિષ્ણુની વિશેષ પૂજાનું મહત્વ સાથે તુલસી વિવાહની ઉજવણી પૂર્ણ થશે

ગાંધીનગર, તા.૧૮

આજે દેવદિવાળી એટલે કે તહેવારોનો રાજા છે. કહેવાય છે કે આ દિવસે દેવતાઓ દ્વારા દિવાળી મનાવવામાં આવે છે એટલા માટે તેને દેવદિવાળી કહેવામાં આવે છે. કારતક પૂર્ણિમાના દિવસે દેવતા ધરતી પર આવે છે અને દિવાળી મનાવે છે. શહેરમાં દેવદિવાળી નિમિત્તે ઘરે ઘરે દીવા પ્રગટાવવામાં આવશે. દેવદિવાળીના દિવસે પૃથ્વી પર દેવતાઓના આગમનની ખુશીમાં ઘાટો પર દીવા પ્રગટાવવામાં આવે છે.

હિન્દુ પર્વમાં દેવદિવાળી ખૂબ હર્ષોલ્લાસથી ઉજવાય છે. ધર્મ ગ્રંથોમાં દરેક તહેવાર પાછળની કથા જાણવા મળે છે. એકવાર એક અસુર શકિત સામ્રાજય હેતુ બ્રહ્માજીની તપસ્યા કરવા લાગ્યો અને તેની ઘોર તપસ્યાથી બ્રહ્માજી પ્રસન્ન થયા ત્યારે તેને વરદાન માંગવાનું કહ્યું ત્યારે અસુરે શકિત અને સામ્રાજય માંગ્યા અને બ્રહ્માજીએ તે મુજબ વરદાન પણ આપ્યું. વરદાન મળતાની સાથે અસુર અભિમાની બની સામ્રાજય વધારતો દેવલોક પહોંચ્યો દેવ અને અસુર વચ્ચે ધમાસાણ યુધ્ધ થયું પરંતુ અસુર નિયંત્રણમાં ન આવતા ચિંતિત દેવ શિવજી પાસે ગયા અને સઘળી વાત કરી ત્યાં સુધીમાં અસુર પણ કૈલાસ પહોંચ્યો અને ત્યાં ત્રાસ પોકારવા લાગ્યો. આથી ગુસ્સે થઈ શિવજીએ અસુર સાથે યુધ્ધ કર્યું આ યુધ્ધ ભીષણ બનતું ગયું જયારે શિવજીને ખબર પડી કે આ બ્રહ્માજીના આશીર્વાદથી શકિતશાળી બન્યો છે ત્યારે બ્રહ્માજીએ શિવને તેમની વિશિષ્ટ શકિત વડે પ્રહાર કરવાનું કહ્યું અને શિવજીની વિશિષ્ટ શકિતના પ્રહાર વડે અસુર નાશ પામ્યો અને દેવતાઓએ ખુશ થઈ શિવજીનો આભાર પ્રગટ કર્યો અને દિપ પ્રાગટય કર્યુ હતું ત્યારથી કારતક સુદ પૂનમના દિવસે દેવો દ્વારા દીપ કરવાથી દેવદિવાળી ઉજવાય છે અને શિવજીને આ દિવસે સાંજે દીપદાન કરવામાં આવે છે. દેવદિવાળીના દિવસે ભગવાન વિષ્ણુની પૂજા કરવામાં આવે છે. આ સાથે જ તુલસી વિવાહની ઉજવણી પણ પૂર્ણ થાય છે. કાર્તિક પૂર્ણિમાના દિવસે કેટલીક અન્ય શુભ ઘટનાઓ બની હતી જેણે આ દિવસનું મહત્વ વધાર્યું હતું એવું માનવામાં આવે છે કે આ દિવસે ભગવાન વિષ્ણુએ સુવર્ણ યુગમાં મત્સ્ય અવતાર લીધો હતો, દ્વાપર યુગમાં પણ આ દિવસે શ્રીકૃષ્ણને આત્મજ્ઞાન થયું હતું. આ દિવસે દેવી તુલસીજી પ્રગટ થયા હતા.

કાર્તિક પૂર્ણિમાના શુભ મુહૂર્ત

પૂર્ણિમા તિથિ ૧૮મીના બપોરે ૧૨.૦૨ વાગ્યાથી શરૂ થઈ અને આજે બપોરે ૨.૨૯ વાગ્યે સમાપ્ત થશે. આ દિવસે શહેરીજન દ્વારા તેલના દીવા પ્રગટાવવામાં આવશે અને સુંદર રંગોળીઓથી ઘરને શણગારાશે.

જન્મદિને વધામણી



રાજેન્દ્રકુમાર સી. મહેતા
મો. ૮૨૩૮૩ ૯૮૭૩૦

કેએસવીના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલનો સન્માન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રસિડેન્ટ અને કડી તાલુકાના ઊંટવા ગામના મૂળ વતની વલ્લભભાઈ એમ.પટેલને રાષ્ટ્રપતિ દ્વારા ઈન્ડિયન રેલવે ફાઈનાન્સ કોર્પોરેશનના ડાયરેક્ટર પદે નિયુકત કરવામાં આવ્યાં છે. આ નિયુકિતને અનુલક્ષીને કડી નગર સેવા સંસ્થાન પરિવાર દ્વારા કડી કોલેજના સભાગૃહ ખાતે તેમના શુભેચ્છા સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતુ.

કાર્યક્રમમાં કડી પંથકની વિભિન્ન સેવાકીય સંસ્થાઓના પ્રમુખ કાર્યકર્તાઓ સવિશેષ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કડીના નગરપાલિકા પ્રમુખ જશુભાઈ પટેલ પશુપતિ ગ્રુપના સૌરીનભાઈ પરીખ, મહેસાણા ડિસ્ટ્રિક્ટ કો-ઓપ બેંકના ચેરમેન વિનોદભાઈ પટેલ, આદર્શ હાઈસ્કૂલ પરિવારના મહામંત્રી બંસીભાઈ ખમાર વગેરેએ ઉપસ્થિત રહી વલ્લભભાઈને સાચી કેળવણીના પરિવ્રાજક તરીકે બિરદાવ્યાં હતા. કડી નગર તથા તાલુકાના વિભિન્ન સેવા- સંગઠનોના પ્રમુખ કાર્યકર્તાઓએ બુકે-શાલ સન્માન પત્ર, તથા સ્મૃતિ ચિન્હ આપીને શુભેચ્છાઓ પાઠવી હતી. કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન નલિનભાઈ શાહે, પ્રસ્તાવના હિમાંશુભાઈએ કર્યા બાદ ગણેશ ગ્રુપના સભ્ય તેમજ કાર્યપાલક ઈજનેર એસ.આર. પટેલે વલ્લભભાઈના શૈશવકાળથી શરૂ કરી કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ સુધીના કેળવણી યાત્રિક તરીકેનો વિસ્તૃત પરિચય આપ્યો હતો. વલ્લભભાઈ પટેલે પોતાના વક્તવ્યમાં તેમને મળેલ સન્માનને સમસ્ત કડી નગરને મળેલ સન્માન તરીકે ગણાવ્યું હતું. કાર્યક્રમમાં કડી માર્કેટયાર્ડના ચેરમેન રાજુભાઈ પટેલ, કડી નાગરિક બેંકના ચેરમેન પિયુષભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યાં હતા.

આજે શહેરમાં ગુરુનાનક જયંતિની ભકિતમય ઉજવણી કરાશે

સે-૩૦ના ગુરુદ્વારામાં સવારથી જ સંગીતમય ભક્તિ કાર્યક્રમો : સમાપને લંગરનું આયોજન : સળંગ પાંચ દિવસ પ્રભાત ફેરી યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

શહેરમાં શુકવારે દેવદિવાળીનું પર્વ તેજોમય દિપોત્સવ સાથે દિવાળીની જેમ ઉજવાશે. આ સાથે શહેરમાં શીખ સમુદાયના ગુરુ નાનક દેવજીના અનુયાયીઓ દ્વારા ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવશે જે અંતર્ગત શહેરના સેક્ટર-૩૦ ખાતેના ગુરુદ્વારામાં વિવિધ ભક્તિ કાર્યક્રમોનું ?આયોજન કરવામાં આવ્યું છે. ઉત્સવને અનુલક્ષીને ગુરુદ્વારાને રોશનીથી શણગારવામાં આવ્યું છે.

આ વર્ષે શીખ ધર્મના પ્રથમ ગુરુ નાનક દેવજીનું ૫૫૨મું પ્રકાશ પર્વ - જન્મજયંતિ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવી રહ્યું છે. ગાંધીનગર સેક્ટર-૩૦માં પણ શીખ અને સિંધી સમાજે સાથે મળીને ગુરુ નાનક દેવજીના પ્રકાશ પર્વની ઉજવણીમાં તા.૧૪મી નવેમ્બર થી તા. ૧૮મી નવેમ્બર સુધી સળંગ પાંચ દિવસ સુધી પ્રભાતફેરી સ્વરૂપે ભક્તો દ્વારા ગુરુવાણીનું ગાન કરવામાં આવ્યું હતું જેમાં તમામ ધર્મના લોકોએ ભારે ઉત્સાહભેર ભાગ લીધો હતો. સેક્ટર-૩૦માં ગુરુદ્વારા સાહિબ

પ્રકાશ પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે. આ કાર્યક્રમમાં સવારે ૯.૩૦થી ૧૦ વાગ્યા દરમ્યાન શ્રી અખંડ પાઠ યોજાશે, સવારે ૧૦થી ૧૦.૪૫ વાગ્યા દરમ્યાન કિર્તન સંગત દ્વારા જ્ઞાની સતનામ સિંહજીના કિર્તન જ્યારે ૧૦.૪૫થી ૧૧.૩૦ વાગ્યા દરમ્યાન કુબેરનગરવાળા કીર્તનભાઈ સાહેબભાઈ માગીજીના કિર્તન અને ૧૧.૩૦થી ૧૨.૩૦ વાગ્યા દરમ્યાન અરદાસ યોજાશે. આ પછી ગુરુનું લંગર એટલે કે સામૂહિક ભોજનનું આયોજન કરાયું છે જેમાં કોઈપણ જાતિના ભેદભાવ વિના તમામ શ્રધ્ધાળુઓ ભાગ લઈને પ્રસાદ લઈ શકશે.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા નેશનલ લોક અદાલતનું આયોજન

ગાંધીનગર, તા.૧૮

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ૧૧ ડિસેમ્બરના રોજ નેશનલ લોક અદાલતનું આયોજન કરેલ છે. જેમાં વિવિધ કેસો મુકવામાં આવશે. જેમ કે સમાધાન લાયક ફોજદારી કેસો, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૩૮ના કેસ, બેંકમાં લેણાના દાવા, મોટર અકસ્માત વળતરના કેસ, લેબરને લગતા કેસ,ઈલેકટ્રીસીટી તેમજ પાણીના વેરાના કેસ, લગ્ન વિષયક કેસ (છુટાછેડા સિવાયના), જમીન સંપાદનના કેસ, પે અલાઉન્સીસ અને રીટાયર્ડ બેનીફીટસને લગતી સર્વિસ મેટર, રેવન્યુ કેસ, અન્ય સિવીલ કેસ મુકવામાં આવશે. જે પક્ષકારોને કોર્ટમાં ઉપરોકત દર્શાવેલ કેસને લગતા પેન્ડીંગ કેસોનું સુખદ સમાધાન કરવા ઈચ્છા હોય તેઓએ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ગાંધીનગર તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ કલોલ, માણસા, દહેગામ તેમજ ગાંધીનગરની કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે. આ અંગે વધુ માહિતી માટે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, રૂમ નંબર ૧૦૧, પ્રથમ માળ, ન્યાય મંદિર, સેકટર-૧૧નો સંપર્ક કરવાનો રહેશે.

જલારામ સેવા સમાજના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૧૮

જલારામ સેવા સમાજના વર્ષ ૨૦૨૧-૨૨ માટે હોદ્દેદારોની નિમણુંક કરાઈ છે. જેમાં પ્રમુખ તરીકે સેવંતીલાલ જે. ઠકકર, ઉપપ્રમુખ તરીકે અરવિંદભાઈ આર. ઠકકર, મંત્રી અશોકભાઈ જે. પોપટ, કોષાધ્યક્ષ અમીતભાઈ એમ. હાલાણી, સહમંત્રી રાજેશકુમાર એમ. ઠકકર, સહકોષાધ્યક્ષ ભરતકુમાર વી. આચાર્યની નિમણુંક થઈ છે. જયારે કારોબારી સભ્યમાં કિશોર હિન્ડોચા, ટેકચંદ એમ. ઠકકર, કીરીટ એચ. ઠકકર, હરિ એમ. ઠકકર, બીપીન બી. ઠકકર, વર્ધીલાલ એ. ઠકકર, ભરત એમ. ઠકકરની નિમણુંક થઈ છે. ઉપરાંત આમંત્રિત કારોબારી સભ્ય તરીકે હૃદયનાથ એમ. ધનેશા, ગુણવંત જી. કોટક, અનીલ પી. સેજપાલ, સંજય ડી. સંઘાણી, કિશોર બી. આચાર્ય, નવનીત એમ. હાલાણી, ધવલ એચ. તન્નાની નિમણુંક કરવામાં આવી છે.

ગ્લોબલ મિસ્ટર એન્ડ મીસ ઈન્ટરનેશનલ સ્પર્ધામાં શહેરના 'દત્ત બંધુ' વિજેતા બન્યા

અભિકુમાર દત્ત

અક્ષર દત્ત

ગાંધીનગર, તા.૧૮

ગ્લોબલ મિસ્ટર એન્ડ મીસ ઈન્ટરનેશનલ સ્પર્ધામાં શહેરના બે યુવાન ભાઈઓ વિજેતા બન્યા છે. નવી દિલ્હીમાં ૧૧મીના રોજ આ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ડાન્સિગ, એકિંટગ, રેમ્પ વોક વગેરે બાબતો જોવાતી હોય છે. શહેરના બે યુવાન ભાઈઓ આ સ્પર્ધામાં પ્રથમ અને દ્વિતીય ક્રમાંકે વિજેતા થયા છે. બંનેને ટ્રોફી આપી વોર્ડ રોબ પહેરાવીને સન્માનિત કરવામાં આવ્યા હતા. પ્રથમ સ્થાને અભિકુમાર દત્ત જે અભિ દત્તના નામે ઓળખાય છે જેમને ગ્લોબલ મિસ્ટર ગુજરાત ઈન્ટરનેશનલ ઈન્ડિયન યુનિવર્સ ૨૦૨૧નો એવોર્ડ મળ્યો છે. નાના ભાઈ અક્ષર દત્તને બીજા ક્રમાંકે ગ્લોબલ મિસ્ટર સ્ટાઈલ આઈકોન ઈન્ટરનેશનલ ઈન્ડિયા યુનિવર્સ ૨૦૨૧નો એવોર્ડ મળ્યો છે. જેમાં પ્રોડકશન હાઉસે બંને સાથે અભિનય ક્ષેત્રે કામ કરવાના એગ્રીમેન્ટ કર્યા હતા.

ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. સોની ભરતભાઈ મનુભાઈ,** ઉ.વ. ૫૬, સેકટર-૧૪
- **સ્વ. ખાંટ ભરતજી અભુજી,** ઉ.વ. ૩૬, બોરીજ
- **સ્વ. માછી બબીબેન ચંદુભાઈ,** ઉ.વ. ૭૯, સેકટર-૧૩
- **સ્વ. જાડેજા દેવુબા માનસિંહ,** ઉ.વ. ૯૦, સેકટર-૫

રાજ્ય મધ્યસ્થ ગ્રંથાલય ખાતે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા.૧૮

રાજય મધ્યસ્થ ગ્રંથાલય ખાતે રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીને અનુલક્ષીને ગઈકાલે

કાર્યક્રમ યોજાયો હતો. જેમાં હરેકૃષ્ણ મંદિર, ભાડજના સ્વામી કેશવપ્રિય મહારાજે ભગવદગીતા પર પ્રવચન આપ્યું હતું અને આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવા વર્ગ સહભાગી થયો હતો. રાજય મધ્યસ્થ ગ્રંથાલય ખાતે ૧૪મીથી ૨૦મી સુધી રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. જેમાં પ્રથમ દિવસે નરેશ પંડયા (રાજય ગ્રંથપાલ, રાજય મધ્યસ્થ ગ્રંથાલય) દ્વારા ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં ગુજરાતનું પ્રદાનને લગતા પુસ્તકો તથા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પુસ્તકોના પ્રદર્શનનું ઉદઘાટન કર્યું હતું. બીજા દિવસે જનરલ નોલેજ કિવઝ સ્પર્ધા યોજાઈ હતી. જેનો વિષય ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ રાખેલ હતો. ત્રીજા દિવસે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી જેનો વિષય ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહિલાઓનું પ્રદાન રાખેલો હતો. તથા ગઈકાલે આ સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામ વિતરણ કરીને કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું. આ સપ્તાહની ઉજવણી દરમિયાન ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ પર યોજાયેલ કિવઝ સ્પર્ધા તથા ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહિલાઓનું પ્રદાન વિષય પરની કિવઝ સ્પર્ધાનું પરિણામ જાહેર કર્યું હતું. જેમાં કિવઝ સ્પર્ધામાં પ્રથમ ક્રમે ભરવાડ ગૌતમ, દ્વિતિય ક્રમે બરાડ વિશ્વજીત, પરમાર તુષાર અને અધ્વર્યુ દેવાંશી તથા તૃતીય ક્રમે મેટાળ રાકેશ, ચૌધરી શૈલેશ અને ડામોર અલ્પેશ વિજેતા જાહેર થયા હતા જયારે વકતૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમે વાલેરા દક્ષા, દ્વિતીય ક્રમે ગોસ્વામી વિપુલ તથા તૃતીય ક્રમે વસાવા જાગૃતિ વિજેતા જાહેર થયા હતા. આ તમામ વિજેતા સ્પર્ધકોને સ્વામી કેશવપ્રિય મહારાજ તથા નિયામક પંકજ ગોસ્વામીના હસ્તે પ્રોત્સાહક પારિતોષિક તથા પ્રમાણપત્ર એનાયત કરાયું હતું. રાષ્ટ્રીય ગ્રંથાલય સપ્તાહની ઉજવણી દરમિયાન જે વિવિધ કાર્યક્રમ કરવામાં આવ્યા તેમાં રાજય ગ્રંથપાલ નરેશભાઈ પંડયા, વ્યવસાયિક મદદનીશ ગોવિંદભાઈ રાવલ તથા મદદનીશ ગ્રંથપાલ ચંપાબેન પરમારે સુંદર વ્યવ્સથા અને સંચાલન કર્યું હતું તથા વકતૃત્વ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સરકારી કોલેજના નિવૃત્ત પ્રોફેસર મમતાબેન બુચે પોતાની સેવાઓ આપી હતી.

પત્રકારત્વના વિદ્યાર્થીઓ મહિલા પોલીસ સ્ટેશનની મુલાકાતે

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓએ આજે ગાધીનગર સેકટર-૧ ૬માં આવેલ મહિલા પોલીસ સ્ટેશનની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમ્યાન પી.એસ.આઈ સરોજબેન ચૌધરી અને પી.એસ.આઈ. કે.આર. સુતરીયા દ્વારા વિદ્યાર્થીઓને પોલીસ દ્વારા થતી કામગીરીની વિસ્તારથી માહિતી આપવામાં આવી હતી.

વિદ્યાભારતી અધ્યયન પ્રશિક્ષણ અને સંશોધન કેન્દ્ર ગાંધીનગર ખાતે '૨૨' વર્ષથી નિષ્ઠાપૂર્વક સેવા આપનાર શ્રી જયંતિભાઈ પટેલ શારીરિક અવસ્થાને કારણે નિવૃત્ત થતાં તેમનું સન્માન વિદ્યાભારતી ગુજરાત પ્રદેશના પદાધિકારીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

સે-૨૪માં ગેરકાયદેસર કતલખાના બંધ કરાવવા ઉગ્ર માંગ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર મહાનગરમાં ઈંડા, આમલેટ, નોનવેજ ફૂડના જાહેરમાં વેચાણને અટકાવવાનો મુદ્દો ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. પાટનગરમાં નોનવેજ અને ઈંડાની રેકડીઓ સતત વધી રહી છે ત્યારે ગેરકાયદેસર કતલખાના બંધ કરાવવા માટે સેકટર-૨૪ના વસાહતીઓ દ્વારા માંગ કરવામાં આવી છે. સે-૨૪માં આવેલ ઈન્દિરાનગરમાં છેલ્લા ઘણા વર્ષોથી રહેણાંક વિસ્તારમાં મટન, ગેરકાયદેસર કતલખાના તેમજ ઈંડાની બનાવટો વેચનારાઓ છે. આ વિસ્તારમાં કતલખાના અને મટનનું વેચાણ થાય છે. જે સરકારી કાયદા અનુસાર ગેરકાયદેર અને લાયસન્સ સિવાય ચાલી રહ્યા છે. ઉપરાંત ઈન્દિરાનગરમાં જેટલા મટન વેચનારાઓ તથા ગેરકાયદેસર રીતે કતલખાના ચલાવનારાઓ છે તે ખુબ જ માથાભારે હોવાનું માલુમ પડેલ છે. અસામાજિક તત્વો દ્વારા સે-૨૪માં મારામારી તેમજ દુકાનો બંધ કરાવવી તથા તેની વિરુદ્ધ બોલનારને મારવાના બનાવો પણ બન્યા છે. આ અસામાજિક તત્વો દ્વારા મટન કાપવાના છરાઓથી હુમલો કરવાના અને મોટી ધમકીઓ આપવામાં આવે છે. આ વિસ્તારમાં અસામાજિક તત્વોની ધાક જોવા મળી રહી છે. સદર દુકાનોમાં ગેરકાયદેસર રીતે મટન વેચનારાઓને વર્ષ ૨૦૧૧માં ગૌહત્યા તથા પાસા જેવી ગંભીર કલમો લગાડી ધરપકડ કરી જેલમાં સળિયા બતાવ્યા હતા તેમ છતાં વર્ષ ૨૦૧૪માં સે-૨૪ના માથાભારે કસાઈ પિતા ભુરો ખાટકી અને પુત્ર સદામ ખાટકી નામના ઈસમોએ પાડોશી ઉપર જીવલેણ હુમલો કર્યો હતો અને તે બાબતે ગાંધીનગર સેસન્સ કોર્ટમાં કલમ ૩૨૩, ૩૨૪, ૩૦૭, ૫૦૪, એટ્રોસીટી એકટમી કલમ ૧૩૫ (૧) ૧૦ મુજબનો કેસ નામદાર કોર્ટમાં પેન્ડિંગ પડી રહ્યો છે. આવા માથાભારે કસાઈઓથી સે-૨૪માં ઈન્દિરાનગરમાં રહેતા ૭૦૦ જેટલા હિન્દુ પરિવારો ખુબ જ ભયભીત છે. આ અસામાજિક તત્વો દ્વારા જાનથી મારી નાંખવાની ધમકીઓ નહીં પણ મારી જ નાંખે તેવા બનાવો ભુતકાળમાં બન્યા છે. ઈન્દિરાનગર ખાતે સરકારી જમીનમાં પણ દબાણ કરી બીજા અન્ય મટન વેચનારાઓની સંખ્યા વધતી જાય છે. આ વિસ્તારમાં કુલ ૧૫ જેટલી નોનવેજની લારીઓ ધમધમી રહી છે. આ ઈન્દિરાનગરમાં વસતા નાના અને ગરીબ હિન્દુઓને હિજરત કરવાનો વારો આવશે તેવો ભય સતાવી રહ્યો છે. ગાંધીનગર ઉપરાંત આજુબાજુના ગામડાઓમાં પણ આ અસામાજિક તત્વોનું મોટું જૂથ બની રહ્યું છે. સેકટર-૨૪માં આવેલ ઈન્દરાનગરમાં વસવાટ કરતા તથા મજૂરીકામ કરી પોતાના પરિવાર જનનું ભરણપોષણ કરતા પરિવારોને આ અસામાજિક તત્વોથી ભય સતાવી રહ્યો છે તેથી આ તમામ કતલખાનાઓ તેમજ મટન વેચનારાઓને તાત્કાલિક અસરથી બંધ કરાવી તેમની વિરુધ્ધ કાયદેસરથી કાર્યવાહી કરવાની માંગ સે-૨૪ના વસાહતીઓ દ્વારા કરવામાં આવી છે.